

ગુજરાતના રત્નસુંદરસૂરિશ્વરજી મ.સા., ગેનાભાઈ પટેલ, પુરૂષોત્તમ ઉપાધ્યાય, વિષ્ણુભાઈ પંડ્યા, ડૉ.દેવેન્દ્ર પટેલ, એચ.આર. શાહ, વી.જી. પટેલ અને સુબ્રોતો દાસને પ્રતિષ્ઠિત પદ્મશ્રી એવોર્ડ માટે નવાજવામાં આવ્યા હતા.

## જુદા જુદા ક્ષેત્રોના લોકોની પસંદગી કરવામાં આવી

# પ્રતિષ્ઠિત પદ્મશ્રી એવોર્ડ માટે ગુજરાતના આઠની પસંદગી

અમદાવાદ, તા.૨૫ પ્રજાસત્તાક દિવસની ઉજવણીના એક દિવસ પહેલા આજે પદ્મ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. આઠ ગુજરાતીઓને પણ પદ્મ એવોર્ડ આપવામાં આવનાર છે. જુદા જુદા ક્ષેત્રો સાથે જોડાયેલા આઠ ગુજરાતી લોકોની પસંદગી પદ્મ એવોર્ડ માટે કરવામાં આવી છે. આધ્યાત્મિક ક્ષેત્રે રત્નસુંદર-સૂરિશ્વરજી મ.સા., કલા અને સંગીતના ક્ષેત્રમાં પુરૂષોત્તમ ઉપાધ્યાય, સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં વીજી પટેલ, સાહિત્ય અને શિક્ષણ તથા પત્રકારત્વના ક્ષેત્રમાં વિષ્ણુ પંડ્યાની પણ આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત સાહિત્ય અને શિક્ષણ તથા પત્રકારત્વના ક્ષેત્રમાં

**રત્નસુંદર સૂરિશ્વરજી મ.સા., પુરૂષોત્તમ ઉપાધ્યાય, વીજી પટેલ, વિષ્ણુ પંડ્યા, સુબ્રતો દાસ સહિત આઠની પસંદગી**

યોગદાન આપવા બદલ એચઆર શાહની પસંદગી પણ આ એવોર્ડ માટે કરવામાં આવી છે. મેડિસીનના ક્ષેત્રમાં ઉપયોગી યોગદાન આપનાર સુબ્રતોદાસની પસંદગી આ એવોર્ડ માટે કરવામાં આવી છે. આ એવોર્ડ વિતરણને લઈને પણ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. સામાન્ય રીતે પદ્મ એવોર્ડ કલા, સામાજિક કામગીરી, જાહેર બાબતો, વિજ્ઞાન, એન્જિનિયરીંગ, વેપાર અને ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં ઉલ્લેખનિય યોગદાન આપનારને આપવામાં આવે છે. મેડિસીન, સાહિત્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં યોગદાન આપનારનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ એવોર્ડ સામાન્ય રીતે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત કાર્યક્રમમાં આપવામાં આવે છે. આ કાર્યક્રમનું આયોજન દર વર્ષે માર્ચ અથવા એપ્રિલ મહિનામાં કરવામાં આવે છે. આ વર્ષે ભારતના રાષ્ટ્રપતિએ ૮૯ લોકોને પદ્મ એવોર્ડ આપવા માટે મંજુરી આપી છે. જે પૈકી સાત પદ્મ વિભૂષણ, સાત પદ્મ ભૂષણ અને ૭૪ પદ્મશ્રી એવોર્ડનો સમાવેશ થાય છે. આ એવોર્ડ કાર્યક્રમને લઈને પહેલાથી જ ઉત્સુકતા પ્રવર્તી રહી છે. એવોર્ડ મેળવનારમાં ૧૯ મહિલાઓ છે.